
જીમ્મીને નવું
શીખવા
મળ્યું





# –ત્રિમંત્ર–

નમો વીતરાગાય

નમો અરિહંતાણં

નમો સિદ્ધાણં

નમો આયરિયાણં

નમો ઉવ જ્ઝાયાણં

નમો લોએ સવ્વસાહૂણં

એસો પંચ નમુક્કારો;

સવ્વ પાવપ્પણાસણો

મંગલાણં ચ સવ્વેસિં; પઢમં હવઇ મંગલં

ૐ નમો ભગવતે વાસુદેવાય

ૐ નમઃ શિવાય

જય સચ્ચિદાનંદ






આ વાર્તા એક એવા શહેરની છે, જેનું નામ છે કારલેન્ડ,
જ્યાં બધા વાહનો બોલી શકતા હતા !





આ શહેર શિસ્તબધ્ધ વાહન વ્યવહાર માટે જાણીતુ હતું. બધા વાહનોની તકેદારીથી આજ સુધી આ શહેરમાં એક પણ અકસ્માત થયો ન હતો. રેડ સિગ્નલ વખતે બધા સીન્યિયર વાહનો શાંતિથી ઊભા રહેતા અને બીજા વાહનોને જવા દેતા.




COL

એક દિવસ એક તોફાની કાર કારલેન્ડમાં આવી. નામ એનું ટીયાના. એને બીજાને હેરાન કરી આનંદ લેવાનો બહુ શોખ. આમ, આ નાનકડી કારે બધા વાહનોનું જીવવાનું મુશ્કેલ કરી નાખ્યું હતું.






ભાગો ભાગો
ટીયાના આવી !

એને હંમેશા એનું નિશાન રહેતું જીમ્મી. જે કારલેન્ડની સૌથી સિન્સિયર કાર ગણાતી.




એક દિવસ જીમ્મીએ, ટીયાનાને પોતાની જગ્યા પર ઊભી રહેલી જોઈને ધૂમાડો કાઢ્યો.





આવી હતી ટીયાના. બિચારી જીમ્મી...
એને ટીયાનાની હેરાનગતિથી રોજ
કોણ બચાવે ?
એક દિવસ અચાનક જીમ્મીને અંકલ
હેનરી યાદ આવ્યા.

**આ** છે અંકલ હેનરી. તેઓ કારલેન્ડમાં હેપ્પી હેનરીથી જાણીતા હતા.




**ઉ**મરમાં ઘણા મોટા છતાં બધા સાથે મળતાવડા. હેપ્પી હેન્રીએ ઘણા વખતથી મેઈન રોડ પર દોડવાનું છોડી દીધું હોવાથી તોફાની ટીયાના એમનાથી અજાણ હતી. બાકીની બધી કાર એમને ઓળખતી હતી કારણ કે લગભગ બધી કારને એમણે રસ્તા પર બંધ પડી જવાના સમયે મદદ કરી હતી.




જીમ્મી અંકલ
હેનરી પાસે
એમના ગેરેજમાં
ગઈ. એને
અંકલ પાસેથી
કોઈ નવી
સમજણ જોઈતી
હતી, જેથી એ
ટીયાનાની
હેરાનગતિમાંથી
બચી શકે.

અંકલ આરામ કરી રહ્યા હતા. એમની એકદમ નજીક જઈને એ જોરથી બોલી, ‘‘અંકલ હેનરી.’’ હેન્રીએ ધીમેથી આંખો ખોલી.








‘‘ ઓહ જીમ્મી.. આવ દીકરા. ઘણા વખત પછી તને મળીને ઘણો આનંદ થયો. બધું કેવું ચાલે છે.’’

‘‘અંકલ, એક નવી કાર છે, ટીયાના. એ મને બહુ હેરાન કરે છે.’’ જીમ્મીએ એની મૂંઝવણ કહી.

‘‘અને તું સામે શું કરે છે ?’’ હેનરીએ સામે પૂછયું.


‘‘હું એની સામે દલીલમાં ઉતરી જાઉં છું.’’ જીમ્મી બોલી.






‘‘એજ નિયમો જીવનમાં પણ અનુસરવા પડે છે. કોઈની સાથે અથડાઓ નહીં.’’ અંકલે કહ્યું.


“ પણ અંકલ, કોઈ જાણી જોઈને સામેથી અથડાવા આવે તો ?” જીમ્મીએ પૂછ્યું.




“ તું રસ્તા પર ચાલતી હોય અને સામેથી કોઈ ટ્રાફિકના નિયમનો ભંગ કરી તારી સામે આવે તો તું શું કરે ?” અંકલ બોલ્યા.

“હું તરત જ રસ્તો બદલી નાખું અને અકસ્માત ટાળું.” જીમ્મીએ તરત જવાબ આપ્યો.

“કેમ ?” અંકલે પૂછ્યું.
કારણ કે અકસ્માતથી મને નુકસાન પહોંચે. કદાચ હું
નાશ પણ પામુ.” જીમ્મીએ જવાબ આપ્યો.






અનુભવી અંકલ બોલ્યા, ‘‘જેને શાંતિ જોઈતી હોય એણે એડજસ્ટમેન્ટ લેવા પડશે. જેણે અથડામણ ટાળવાનું નક્કી કર્યું હોય, એને એડજસ્ટમેન્ટ લેવાના નવા નવા ઉપાયો મળી જ આવે. આમ સૂઝ ખીલતી જ જાય. આ કુદરતનો કાયદો છે.’’

‘‘સાચે ?’’

એ અંકલને પ્રોમિસ આપતા બોલી, ‘‘હું આજથી કોઈની સાથે અથડામણમાં નહીં ઉતરું.’’

બીજા દિવસે,




આમ, એ દિવસથી જીમ્મી, ટીયાનાની દરેક પજવણી સામે એડજસ્ટમેન્ટ લેવા લાગી. થોડા જ સમયમાં ટીયાનાને, જીમ્મીને હેરાન કરવામાં કંટાળો આવવા લાગ્યો. કારણ કે એ હવે ગુસ્સે થતી નહીં. અંતે એણે એને હેરાન કરવાનું બંધ કરી દીધું.

આમ જીમ્મી 'અથડામણ ટાળો' નિયમ બધે અનુસરવા લાગી, પછી એ રસ્તો હોય કે જીવન હોય.



# બુક – ૧
# 'કાર'ટૂન વાર્તાઓ



